[illegible] ગરબાવળી

[illegible]

બનાવનાર

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

([illegible])

[illegible]

[illegible]

[illegible]

પ્રસ્તાવના.

પેહેલો ભાગ રાગરાગણીમાં છપાએલો છે.

સંપચ ગાનારી છોડીઓ વીગેરેને મુશ્કેલ લાગવાના કારણથી આ બીજો ભાગ તૈયાર કરી બીલકુલ નવા ગરબા, ગાયનો, દેશી ગરબાઓના ઢાળમાં તથા રાગરાગણીમાં છપાવેલા છે એમા નીતી, વિદ્યા, ઇશ્વરભક્તી તથા જ્ઞાન સીવાય બીજા ગરબા નથી.

અર્પણ પત્રીકા વીશે—છપ્પો છંદ.

છપ્પો—છંદ

ઝવેરી હીરાચંદ—મોતીચંદ સુરતવાશી
અતી ઉમંગે આપ—મદત આપી પ્રકાશી
ગરબાવળીનો ભાગ—બીજો આ પ્રસીદ્ધ કીધો
એને છપાવવા કાજ—રકમ ખરચી જશ લીધો
સ્ત્રી કેળવણી કારણે—હોંશ આપ અંતર ખરી
બાળા સઉ આશીશ વદે—ચિરંજીવી રાખો હરી

અર્પણ પત્રીકા.

ઝવેરી શેઠ હીરાચંદ મોતીચંદે—રાયચંદ દીપચંદ ગોપી પુરા કન્યાશાળાની છોકરીઓના મૂખથી તાલ શૂર સાથે—ગરબા—તથા—ગાયન સાંભળી—સ્ત્રી કેળવણી બાબત વલ્લભ ગરબાવળીનો બીજો ભાગ પ્રસિદ્ધ કરવા સારૂ અંતઃકરણથી ઉલટ બતાવી મજકુર ગરબાવળી છપાવવા વીગેરે નો સર્વ ખરચ આપવો પોતે ઉદારતાથી કબુલ કીધો. માટે આ લઘુ પુસ્તક રચનાર હું મજકુર હીરાચંદ શેઠને ઘણી ખુશીથી અર્પણ કરી અંતઃકરણથી આશિર્વાદ દઉં છું.

વલ્લભરામ ઇચ્છારામ

રા૦ દી૦ કન્યાશાળાના માજી મેહેતાજી

વલ્લભ ગરબાવળી ભાગ ૨ જો.

ગરબો ૧લો—સારા માઠા ગુણનો.

રાગ કાફી-કહાનુ ચાલ્યા માધવ મથુરામાં એ ઢાળ.

સ્મરણ કરો શ્રી ગુરૂ ગણપતિનું,
સારા ગુણને માટે રે:
સારા ગુણ જેણે નહીં સજ્યા,
તે વ્હેછે કુવાટે રે. સ્મરણ૦
૧ સારા ગુણનો મહીમા મોટો,
જગમાં બહુ વખણાએ રે;
રૂડા જનમાં માન પ્રતિષ્ઠા,
દીન દીન અધીકાં થાએ રે. સ્મરણ૦
૨ માઠા ગુણ મોટમ મુકાવે,
દુરગુણીયામાં કાવે રે;
ચોર ઠગારા સાથી જેના,
રૂડા સંગ ન આવે રે. સ્મરણ૦
૩ સારા ગુણથી સાખ વધે છે,
દામ મળે ઉધારે રે;
તેથી કાજ જરૂરના સાધી,
જનમાં ધીર વધારે રે. સ્મરણ૦
૪ અવગુણીયાને અંગ ઉધારે,
કોઈ ન આપે નાણું રે;
આપે ભુલમાં કોએક તેને,
નહી લેવાનું ટાંણું રે. સ્મરણ૦

૫ ગુણીયલને સૌ આવી પુછે,
કારજ કેરી કોટી રે;
રૂડી સમજાણુ સૌને આપે,
બુધ ન આપે ખોટી રે. સ્મરણુ૦

૬ દુરગુણીયાને જે કો પુછે,
કારજ કેરો સાંધો રે;
મન મેલો એવું બતલાવે,
અંતે તેમાં વાંધો રે. સ્મરણુ૦

૭ એ માટે શાણા જન સરવે,
અવગુણને પરહરવો રે;
રૂડી શોભા મન ચાહો તો,
સદગુણ વલ્લભ કરવો રે. સ્મરણુ૦

ગરબો રજો—સરસ્વતી ભણવા વિશે.

દેવકીને પરણ્યા રે હો, જાદવકુળના વાસુદેવ—એ ઢાળ.

મન દઈને રે હો, જે કો સરસ્વતિ રટણુ કરે છે,
હોય દરિદ્રી રે હો,
તે ધનવાન થઈને ફરે છે;
હાંરે ધનવાન થઈને ફરે છે. મન૦

૧ સરસ્વતી સૌથી મોટી કહીએ,
ગુણનો પાર ન લહીએ;
હાંરે તેના ગુણનો પાર ન લહીએ. મન૦

૨ બીજું ધન વાપરતાં ઘટશે,
વિદ્યા વાપરતાં વધશે;
હાંરે હાંરે વિદ્યા વાપરતાં વધશે. મન૦

૩ પૈશા ચોર થકી ચોરાએ,
વિદ્યા ચોરી ન જાએ;
હાંરે હાંરે વિદ્યા ચોરી ન જાએ. મન૦

૪ સરસ્વતિ જેણે મન સીધ કીધી,
તેણે મોટમ લીધી;
હાંરે હાંરે તેણે મોટમ લીધી. મન૦

૫ જેણે સરસ્વતિને નવ જાણી,
તે તો પાંમર પ્રાંણી;
હાંરે હાંરે તે તો પાંમર પ્રાણી. મન૦

૬ ધનવંતા વિદ્યા નવ ભણશે,
અંતે દળદ્રી બનશે;
હાંરે હાંરે અંતે દળદ્રી બનશે. મન૦

૭ અધમ જાતિ વિદ્યામાં જાગ્યાં,
મોટી પદવી પામ્યાં;
હાંરે હાંરે મોટી પદવી પામ્યાં. મન૦

૮ ચોર ખળ લુચ્ચે વિદ્યા ત્યાગી,
અંતે ભીખજ માંગી;
હાંરે હાંરે અંતે ભીખજ માંગી. મન૦

૯ માટે સાણા સમજી ચાલો,
વિદ્યા ધનને ઝાલો;
હાંરે હાંરે વિદ્યા ધનને ઝાલો. મન૦

૧૦ જે કોઈ વિદ્યા વલ્લભ કરશે,
તે મોટમ પદ ધરશે;
હાંરે હાંરે તે મોટમ પદ ધરશે. મન૦

ગરબો ૩ જો—ઇશ્વર ભજવા વિશે સાતેવાર.

પડરે પહેલું કરવું કામ એ ઢાળ.

૧ આદીત આરાધો ઇશ,
જુગતે ભજવા જુગદીસ. આદીત૦
સૌ કો ઇશ્વર રટીએ, અઘ થકી મટીએ;
કડે કામે ઘટીએ. આદીત૦
૨ સોમે સમરણ કરો ભાવે,
ઇશ્વર પાતક મૂકાવે સોમે૦
કરાં પ્રાશ્ચિત ટળશે, અતિ સુખ મળશે;
ઇશ્વરમાં મન ભળશે. સોમે૦
૩ મંગળ મૂકો મોહો માયા,
મન ચિત્ત ભજવા જગરાયા; મંગળ૦
ભજતાં મુક્તિ આપે, ભવ દુઃખ કાપે;
પોતાનો કરી થાપે. મંગળ૦
૪ બુધે બલીહારી તારી,
અવિનાશી કહું વિસ્તારી; બુધે૦
ભુની રચના ભારી, ખગ બલીહારી;
ચાંદ્ર સુરજ સુખકારી. બુધે૦
૫ બ્રેસપતે પ્રભુ તણી પુજા,
કર નિજ જોડી બે ભુજા. બ્રેસપત૦
પ્રેમે આણી સ્થાપી, નિજ ગતી આપી;
પાપ જગતના કાપી. બ્રેસપતે૦
૬ સુક્રરે સમજી ચાલો,

આપ્યો મનસાહ હેત વહાલો. સુક્કરે૦
ભાવે જગપતિ ભજસે, દુરમતિ તજસે;
મોટેમ પદ ને સજસે. સુક્કરે૦

૭ શનિશ્ચર સાધો ઈશ,
પાપ હરણ છે જુગદીશ. શનિશ્ચર૦
જેથી જગપતિ રીજે, ભવ તરી લીજે;
ઇશ્વર વલ્લભ કીજે. શનિશ્ચર૦

ગરબો ૪થો—ભણુવા વિશે—રાગ કાફી.

શીખામણ મન લઇએ રે સઇઅર શાણા થઇએ—એ ઢાળ.

૧ ચાલો એની ભણનાર ભણુવા ચાલોની રે.
ધારો મનનો સુધાર ભણુવા ચાલોની રે.
ઉઠી સવારમાં દાતણ કરીએ,
વીસ્વેશ્વરનું ધ્યાનજ ધરીએ;
નીરમળ જળ નાહી ભરીએ રે,
ભણુવા ચાલોની રે.

૨ શિરામણ કરી સુખીઆ થઇએ,
પાઠ ભણેલો રાખીએ હઇએ;
ભણતરમાં ચિત દઇએ રે,
ભણુવા ચાલોની રે.

૩ માત પિતાની પાસે જઇને,
નિશાળે જાવું આજ્ઞા લઈને,
પાંસરે મારગ રહીને રે,
ભણુવા ચાલોની રે.

૪ અર્થ ગોખીને રાખીએ હૈયે,
પાઠ આપીને પહેલાં થઇયે;
રૂડી પરિક્ષા દઇએ રે,
ભણવા ચાલોની રે.

૫ જે નારી રૂડા ગ્રંથોને વાંચે,
શિખામણ લઈ હઈઆમાં રાચે;
પાળે નીતિ મન સાચે રે.
ભણવા ચાલોની રે.

૬ બોલ મહેતાજીના મનમાં લીજે,
રાત દીવસ તેનું સ્મરણજ કીજે;
જે સુણી મ્હાજન રીજે રે.
ભણવા ચાલોની રે.

ગરબો ૫મો—માનો પાડ.

કુંઅર તમારો કેડે પડયો જસોદા માત—એ ઢાળ.

૧ તારી માયાથી હું ઉછરી દયાળુ મા,
પાળી પોશીને મોટી કરી દયાળુ મા;
હીંડવાની શકતી હુંમાં નહીં દયાળુ મા,
ત્યારે તું ગોદમાં રાખી રહી દયાળુ મા.

૨ મારે માટે પાળી તેં કરી દયાળુ મા,
જાણે પીડાતી દીકરી દયાળુ મા;
મને વીલી નહીં મુકતી દયાળુ મા,
બોલવાની શીખવી જુગતી દયાળુ મા,

૩ મામા મોઢે કેવડાવતી દયાળુ મા,

બાપા કાકા બોલ આપતી દયાળુ મા;
ફરે હરેને ચિત્ત મુજમાં દયાળુ મા,
પેહું ચેટક એવું તુંજમાં દયાળુમા.
૪ હાથે ઝાલીને કરે ચાલતી દયાળુ મા,
થોડું ચાલુ ને વેહેલી ઝાલતી દયાળુ મા;
મને દીઠા વીના ગાભરી દયાળુ મા,
ધંધો મુકીને ખોળે પાધરી દયાળુ મા.
૫ માંદી પડું ને વૈદ લાવતી દયાળુ મા,
સાજી કરીને લડાવતી દયાળુ મા;
આપ્યા ભોજન ભાત ભાતના દયાળુ મા,
પેરાવ્યાં વસ્ત્ર જાત જાતના દયાળુ મા.
૬ એવા ઉપકાર તેં બહુ કર્યા દયાળુ મા,
તેતો મને નથી વીસર્યા દયાળુ મા;
બાપાને મન ઘણું ભાવતી દયાળુ મા,
દેખી ખોળે બેસું આવતી દયાળુ મા.
૭ હું તો વરસ સાતની થઇ દયાળુ મા,
લાડવાની વેળા વહી ગઈ દયાળુ મા;
મુકો નિશાળે હું ભણું દયાળુ મા,
શોભસે કુટંબ ઘણું આપણું દયાળુ મા.
૮ મને નિશાળે બહુ ગમે દયાળુ મા,
ભણવામાં મારૂં મન રમે દયાળુ મા;
રાખીને ચોપડી હાથમાં દયાળુ મા;
બેસી શીખું છોડી સાથમાં દયાળુ મા.
૯ વાતો નિતીની જાણુની દયાળુ મા,

જેથી રૂડાં થાય માનવી દયાળુ મા;
શીખ્યું મને નહીં વીસરે દયાળુ મા,
મેહેતાજી બોધ સારો કરે દયાળુ મા.

ગરબો ૬ઠો—બાપનો ઉપકાર. ઊપલે ઢાળે.

૧ માયાળુ બાપ તમારી દયાથી હું પળી. માયાળુ
જર ખરચીને મોટી કરી માયાળુ.
પારણે પોઢાવી રેહેમથી માયાળુ,
આંગલાં ટોપી કર્યાં પ્રેમથી માયાળુ.
૨ હાથે ઝાલીને કરી હીંડતી માયાળુ,
પડું ખડું તો બાથ ભીડતી માયાળુ;
મુજને અસુખ જ્યારે થતું માયાળુ,
ચીન્ત તમારૂં ઉડી જતું માયાળુ.
૩ વૈદને તેડી ઘેર લાવતા માયાળુ,
ઓસડ ઉપાય કરાવતા માયાળુ;
સુખી શરીરે હું ફરૂં માયાળુ,
તમ સંગ લાડ ઘણાં કરૂં માયાળુ.
૪ બારણેથી નીરખું આવતા માયાળુ,
બેની કહીને બોલાવતા માયાળુ;
ઘણું ખાતાં મને વારતા માયાળુ,
શરીર સુખાકારી ધારતા માયાળુ.
૫ જ્યારે વરસ સાતની થઈ ! માયાળુ,
ચરણા ચોળી આપ્યાં સહી માયાળુ;

વસ્ત્ર આભુષણ અંગના માયાળુ,
આપ્યાં મને નવા રંગના માયાળુ.

૬ પોથી પાટી હાથ આપતા. માયાળુ.
સારા મેતાજીને સોંપતા. માયાળુ.
નીત્ય નિશાળે હું ભણું. માયાળુ.
શીખી ગણીત સારૂં ગણું. માયાળુ.

૭ મારે દુઃખે તમે દુખીઆ. માયાળુ.
મારે સુખે તમો સુખીઆ. માયાળુ.
પ્રીત તમારી મુજ ભણી. માયાળુ.
હું તો વલ્લભ તમને ઘણી. માયાળુ.

ગરબો ૭મો—વીદ્વાન સ્ત્રી પુરૂષનો સંવાદ.

ઉપલે ઢાળે.

૧ સ્ત્રી—સગુણ કંથ તમ સંગ પરણી જેવારની,
સગુણ કંથ.
હું તો તમારી તેવારની. સગુણ કંથ.
તમો સુખીએ હું સુખી, સગુણ કંથ.
તમો દુઃખીએ હું દુઃખી. સગુણ કંથ.

૨ પુ—નારીનો ધર્મ એ છે સહી, સલુણી નાર.
મુર્ખ નારી એમ જાણે નહી, સલુણી નાર.
મુર્ખ નારી રોજ ઝઘડો કરે, સલુણી નાર.
ખોટી સોભા સારૂ કંથ શું લડે. સલુણી નાર.

૩ સ્ત્રી—પીયુસું લડે તે તો પાપણી, સગુણ કંથ.

કંથ મન વળગે ન તે ભણી, સગુણ કંથ.
સ્વામી મન દુઃખ થાએ અતી, સગુણ કંથ.
મુર્ખ નારી નવ જાણે રતી, સગુણ કંથ.
૪ પુ—મુર્ખી ઓઢે પહેરેરીઝતી, સલુણી નાર.
પર સુખ જોઈ ઘણું ખીજતી, સલુણી નાર.
મુર્ખીનું મન પીએર ભણી, સલુણી નાર.
સાસરે ગમે નહીં ઘરધણી. સલુણી નાર.
૫ સ્ત્રી—પીતા હોએ પૃથ્વી પતી, સગુણ કંથ.
તોએ રામા મહીએર ન સોભતી, સગુણ કંથ.
હાથી સોભે દરબારમાં, સગુણ કંથ.
સાસરે સોભે નારી ભારમાં, સગુણ કંથ.
૬ પુ—મુરખીને મન શોભા કશી, સલુણી નાર.
સારી નીતિ જેને નહીં મન વસી, સલુણી નાર.
નીતી આવે રૂડા સંગમા, સલુણી નાર.
ડાપણ રહયું વીદ્યા રંગમાં. સલુણી નાર.
૭ સ્ત્રી—વીદ્યારૂપી રત્ન મણીએ જડયાં, સગુણ કંથ.
આભુષણ અંગે મેં ધર્યાં, સગુણ કંથ.
ગુરૂને પીતાના પ્રતાપથી, સગુણ કંથ,
પ્રીતી પટકુળ ઇછું આપથી. સગુણ કંથ.
૮ પુ—તમારી નીતીથી હરખે પૂરૂં, સલુણી નાર.
પ્રિતી વસ્ત્ર હું તો નહીં વીસરૂં, સલુણી નાર.
નીત્ય રંગ નવા નવી રીતથી, સલુણી નાર.
પ્રિતી પટકુળ આપું પ્રીતથી. સલુણી નાર.
૯ સ્ત્રી—સાસુ નણંદ સાથ રાહતી, સગુણ કંથ.

દીએર દેરાણીને ભાંડતી, સગુણ કંથ.
જેઠ જેઠાણી સુ નહીં બને, સગુણ કંથ.
એવી નારીઓ કેમ આ સમે, સગુણ કંથ.

૧૦ પુ—મુર્ખ નારીનું મનડું ભમે, સલુણી નાર.
સાસરામાં સો મારૂં જમે, સલુણી નાર.
જેમ તેમ કંથ જુદો કરે, સલુણી નાર.
પછી સ્વછંદ થઈને ફરે, સલુણી નાર.

૧૧ સ્ત્રી—એકલું તરૌવર વન વસ્યું સગુણ કંથ.
તેને સુખ નવ દીસે કસું, સગુણ કંથ.
વાંયુનો ઝપાટો જઈ અડે, સગુણ કંથ.
વેલી સાથ વૃક્ષ ત્રુટી પડે. સગુણ કંથ.

૧૨ પુ—એટલી એધાણી નથી જાણતી, સલુણી નાર.
મુર્ખી પોતાનો મત તાણતી, સલુણી નાર.
કાળરૂપી વાયુ થાય કારમો, સલુણી નાર.
સ્વાર્થ ઉડે પળ આરમાં. સલુણી નાર.

૧૩ સ્ત્રી—સાસુ નણંદ સાથ સંપમાં, સગુણ કંથ.
દીએર દેરાણીના રંગમાં, સગુણ કંથ.
જેઠ જેઠાણીની જોડમાં, સગુણ કંથ.
નીત્યે રહેવું લાડ કોડમાં. સગુણ કંથ.

૧૪ પુ—સંપી કુટંબ હોય જે તણું, સલુણી નાર.
તેના વખાણ હું શું કરૂં, સલુણી નાર.
સગાં વલ્લભ કહેવાય છે, સલુણી નાર.
સારા લોકોમાં વખણાય છે. સલુણી નાર.

ગરબો ૮મો—બાપનો ઉપકાર માનવા વીશે.

અરજ સાંભળ તું દયાળુ માંડી એ ઢાળ.

અરે બાપા હું બાળ તમારી, ઉપકારી છું અતી ભારી.

૧ માડી કુખે જનમ લીધો મેં જ્યારે,

બાપુજીને ચેન પડયું તેવારે,
જર ખરચી જીવાડી બાળી. ઉપ. અરે બા.

૨ મારે સારૂ ખોઈ પાલણીયું આણ્યું,
કોમળ શરીર તણું દુઃખ જાણ્યું,
મ્હેર દયાથી મન વીચારી. ઉપ. અરે બા.

૩ ફુલસમું કોમલ શરીર મુજ જાણી,
સુવા સારૂ રૂવેલ ગોદડીઓ આણી,
મારા તનની પીડાને ટાળી. ઉપ. અરે બા.

૪ પડું ખડું રૂદન કરૂં જે ટાણે,
મારી માડી ઘરધંધે નહીં જાણે,
બાપુજીએ ખોળે લઈને રમાડી. ઉપ. અરે બા.

૫ માસ છ માસ વધી હું જ્યારે,
ટોપી આંગલા સીવડાવ્યાં ત્યારે,
પૂરતી મુકાવી જરદ કીનારી. ઉપ. અરે બા.

૬ મને જોઇ હરખ ઘણો મન ધરતા,
હાથે ઝાલી નવરી વેળાએ ફરતા,
ઘણી સારી રમત ને ગમત દેખાડી. ઉપ. અરે બા.

૭ કાલુ ઘેલું બોલતા સીખી હું જ્યારે,
મારા ઉચ્ચાર સુધાર્યા ત્યારે,
જેમ તેમ બોલી સુધ્ધ બોલાવી. ઉપ. અરે બા.

૮ પાળી પોશી પાંચ વરસની કીધી,
હળવી સુખડીઓ ખાવા દીધી.
પહેરવાને ચરણા ચોળી સારી. ઉપ. અરે બા.

૯ જ્યારે મને દરદ પીડા કાંઈ આવે,
વેગે જઈ બાપા વૈદને લાવે,
ઓષડ ઉપાય કરીને ઉગારી. ઉપ. અરે બા.

૧૦ પોથી પાટી ખડીઓ લેખણ મને આપી,

નીશાળમાં વિદ્યા ભણવા સાંચી,
રૂડા મહેતાજી પાસ ભણાવી. ઉપ. અરે બા.
૧૧ ભણવાથી જ્ઞાન મળ્યું બહુ સારૂં,
પિતા તમ વ્હાલ કેટલું વીસ્તારૂં,
હું વલ્લભ છું બાળ તમારી. ઉપ. અરે બા.

ગરબો ૯મો સુઘડ મેલીનો મુકાબલો.

જીરે રાયકા તે ઘાટ ગોવાળીએ જો. એ ઢાળ.

નાર સૂઘડ મલીનનો મુકાબલોજો, ગાઈ સંભળાવું સર્વને આજજો, હાંરે ગાઈ. હાંરે નાર.

૧ શાણી સુઘડ પરોઢમાં ઉઠતીજો,
લઈ દાતણ ઘસે નીજ દંતજો. હાંરે લઈ.
સખી પાણી લઈ વદન પખાળતીજો,
એવી સુઘડ નારીની ખંતજો. હાંરે એવી સૂઘડ
હાંરે નાર.

૨ મલીન દીન પહોર ચઢે ઉઠતીજો,
નહીં દાતણ પાણીનું નામજો. હાંરે નહીં.
એતો પરઘેર રોજ ભટકે ઘણુંજો,
એવું આડું ફુવડનું કામજો. હાંરે એવું. હારે નાર.

૩ શાણી સુઘડનો વાસ સોહામણોજો,
નહીં પુંજો કે કચરો લગારજો. હારે નહીં.
તેના લોટા વાસણ ઝળકે ઘણાજો,
એવો સુઘડતણો કારભારજો. હાંરે એવો. હારે નામ.

૪ મલીન ઘર માંહે પુંજો ઘણોજો,
લોટા ઉપર ઝાઝી લીલજો. હારે લોટા.
ગોબા વાસણ ગમે નહીં આંખનેજો,

તેનું ઘરધંધે નહીં ડીલજો. હારે તેનું ઘરધંધે. હારે નાર.
૫ નાર સુઘડના પાણી નીર્મળાંજો,
પાણીયારાં છે ઝાકઝમાળજો. હારે.
તેનાં લીપ્યાં ધુંપ્યાં ઘર આંગણું જો,
જોઇ ઉપજે હૈયામાં વ્હાલ જો. હાંરે જોઈ. હાંરે નાર.
૬ ગોળી પાણી તણી મેલી ઘણી જો,
પાણીયારાં માંહે ગોજવાડ જો. હાંરે પાણી. હાંરે.
મેલાં પાણીની માંહે પોરા રમે જો,
શાણા જોઈ કરે ફીટકાર જો. હાંરે શાણા. હાંરે નાર.
૭ રસોડો રૂડો સૂઘડનો જો,
રસોઇમાં રૂડો સવાદ જો; હાંરે રસોઈમાં. હાંરે.
તેના પાપડ અથાણું ભાવતાં જો,
અનાજ સમારે ભલી ભાત જો. હાંરે અનાજ. હાંરે નાર.
૮ ફુવડની રોટલી દાજતી જો,
ભાત કાચો હુણાએલી દાળ જો; હાંરે ભાત. હાંરે.
તેને પાપડ અથાણું આવડે નહીં જો,
નહીં જાળવી જાણે અનાજ જો. હાંરે નહીં. હાંરે નાર.
૯ માટે ટેવ સુઘડની રાખવી જો,
નહીં રાખવી મલીનની રીત જો; હાંરે નહીં. હાંરે.
સુઘડનાર વલ્લભ સર્વને જો,
નહીં કોઇની ફુવડસું પ્રીત જો. હાંરે નહીં. હાંરે નાર.

ગરબો ૧૦મો—સંપ વિશે.

ઢાળ રસીયા મને જાવા દીજે, તારૂં દાણુ ઘટે તે લીજે.

શાંણું સૌ સંપ કરોની,
મળી જગ માંહે જશ લોની. શાંણું૦

૧ જેણે સંપ ન સેવ્યો સારો,
આ જગમાં તેનો ન આરો. શાણું૦
૨ સંપે ફળ છે બહુ સારૂં,
તેના ગુણ ગાઈ વિસ્તારૂં. શાણું૦
૩ માખો મધપૂડે રહે છે,
મીઠાસ મધુરી લેએ છે. શાણું૦
૪ કીડી કણ સંઓ ધારે,
મળી સંપે સર્પને મારે. શાણું૦
૫ રૂડે ઘર સંપ વસે છે,
ત્યાંથી દુઃખ અળગું રેછે. શાણું૦
૬ બંધવ માંહો માંહે ખીજે,
તેનાં વેરી મનમાં રીજે. શાણું૦
૭ બે ચાર બંધવની જોડી,
વેરીને નાંખે તોડી. શાણું૦
૮ સાસુ વહુ લડવા ફાવે,
શોભા ઘરની ગુમાવે. શાણું૦
૯ સાસુ વહુ સંપે મ્હાલે,
પરપંચ કોઇનો ન ચાલે. શાણું૦
૧૦ કૌરવ કુસંપે હાર્યા,
પાંડવે તેને માઆર્યા. શાણું૦
૧૧ મોગલો આવ્યા હાડે,
માંહો માંહે ચઢીયા રાઢે. શાણું૦
૧૨ મોગલે દેશ ગુમાવ્યો,
અંગ્રેજે ઝુંડો ઉડાવ્યો. શાણું૦
૧૩ માટે સંપને વલ્લભ કીજે,
કૂસંપને ફેંકી દીજે. શાણું૦

ગરબો ૧૧મો—સાચી મીત્રાઇ.

મોસે પધારો મહારાજ, મારૂીવર મોસે પધારો—એ ઢાળ.

સાચી મીત્રાઇનો ટેક, કહું સાખી સમજાવી;
લંપટ મિત્ર અનેક, મળે નીજ અરથે આવી.
સાચી૦ સાખી૦

સાખી ૧ હરણા મિત્રી નાદસું, ખરી રાખતાં જાણ;
ઓચિંતો કોઇ પારધી, હરે મ્રગોના પ્રાણ.
કહું૦ સાખી૦ સાચી૦ લંપટ૦

સાખી ૨ ખસ મિત્રનો દાખલો, સમજો ચતુર સુજાણ;
પ્રીતી ભાવ છોડે નહીં, જ્યાં લગી ઘટમાં પ્રાણ.
કહું૦ સાખી૦ સાચી૦ લંપટ૦

સાખી ૩ પય ભેગું પાણી મળ્યું, થઈ બેને મિત્રાઈ;
વન્હીથી પાણી બળે, તેથી દુધ બળે ઉભરાઈ.
કહું૦ સાખી૦ સાચી૦ લંપટ૦

સાખી ૪ સુખ ભેગું સુખ ભોગવે, દુઃખમાં લે જે ભાગ;
ખરો મિત્ર તે જાણવો, ટાળે પીડાનો ધાક.
કહું૦ સાખી૦ સાચી૦ લંપટ૦

સાખી ૫ પાણીમાની માંછલી, રેહે છે નદિ નવાંણ;
પાણીથી અળગી પડે, તરફડી મૂકે પ્રાણ.
કહું૦ સાખી૦ સાચી૦ લંપટ૦

સાખી ૬ મિત્ર સંગ સુખ ભોગવે, મિત્ર વિયોગે દુઃખ;
મિત્રવિના ટળવળી મરે, રૂડું એ મિત્રનું સુખ.
કહું૦ સાખી૦ સાચી૦ લંપટ૦

સાખી ૭ ચમક પ્હાણુને લોહસું, પ્રીતી અપરમપાર;
ચમક લોહ દ્રષ્ટે પડે, વળગે ઉડી તે વાર.
કહું૦ સાખી૦ સાચી૦ લંપટ૦

સાખી ૮ મિત્ર મિત્રને નિર્ખતાં, માહો માહ્ હરખાએ
પરસ્પર ચિત્ત જૈ મળે, રૂડા એઉ વખણાએ.
કહું૦ સાખી૦ સાચી૦ લંપટ૦
સાખી ૯ મિત્ર પરિક્ષા ઓળખો, જુઓ ટંકણખાર;
આપ બળે પર રીજવે, સુવર્ણ સાંધે ઝાળ.
કહું૦ સાખી૦ સાચી૦ લંપટ૦
સાખી ૧૦ પોતે સંકટ ભોગવે, મિત્ર તણું સુખ કાજ;
તે નરને વલ્લભ કરી, અવરને કીજે ત્યાજ.
કહું૦ સાખી૦ સાચી૦ લંપટ૦

ગરબો ૧૨મો–સુબુદ્ધી કુબુદ્ધી વીશે.

અમે અજાણ્યા–તમે જાણીઆરે એ ઢાળ.

૧ સૂબુદ્ધી કહે જન સાંભળો રે,
મારો વાસ રૂદેમાંહે ધરો રે;
તેથી પામો ઘણા સનમાન,
શાંણા જન ચેતોની ચીતમા રે.
૨ કુબુદ્ધી કુતોહળ દાખવે રે,
ચીત ચોર થઇ જગમાં ફરે રે;
તેથી થાય ઘણું અપમાન, શાંણા૦
૩ સૂબુદ્ધી રૂડા જન વાપરે રે,
મોટું માન લઇ ભવમાં ફરે રે;
રૂડાં કામ કરે ભલી રીત. શાંણા૦
૪ કુબુદ્ધી કુડા મનમાં વસે રે,
સનમાન તેથી આઘું ખસે રે;
કુડાં કામ કરે નીત નીત. શાંણા૦
૫ સુબુદ્ધી નીતી જાણે ભલી રે,

નહીં જાએ અવિદ્યાની ભણી રે;
નહીં લુટે પરાયો માલ. શાંણુ૦

૬ કુબુદ્ધી કપટની ભરી રે,
પરવસ્તુ લેતી ઘણી હરી રે;
કપટી મન દાખવે વહાલ. શાંણુ૦

૭ સૂબુદ્ધી સુખી બહુ જાણવી રે,
તેને લેસ દુઃખી નહીં માનવી રે;
સમજીને કરો સૂબુધ. શાંણુ૦

૮ કુબુદ્ધે દુઃખિ થાય માનવી રે,
માટે સુબુદ્ધી મન આણવી રે;
નવ કીજે વહાલ કુબુદ્ધ. શાંણુ૦

ગરબો ૧૩મો ઇશ્વર ભજવા વીશે.

જાગીએ આજ લાલ કુમાર નંદકે દુલારે એ ઢાળ.

ભોર સમે ઉઠ મન, પરીબ્રહ્મ પ્રભુ ભજરે,
અંત સમે કંઈ કામ ન આવે, જુઠી માયા તજરે.
ભોર.

૧ પ્રભાતમાં કુકડાઓ-કુકડે કુક બોલે,
ઘંટીએ ગુણ ગાય નાર, રાખી મન સજરે. ભોર.

૨ ઠામઠામ ઘંટ વાગે, દેવળે દેવ જાગે,
સાધુ સંત ભકત જેવી ભકતી રૂડી સજરે. ભોર.

૩ વીપ્ર વેદ ધુન કરે, મુલ્લાં બાંગ દેઈ ઠરે,
બ્રહ્મને આરાધવાને ભાવ થકી મચરે. ભોર.

૪ ચલ્લીઓ ચીકચીક પોકારે, કોકીલ સ્વર લાવે,
વાટ ઘાટ પંથી જાય, તેથી ઉડે રજરે. ભોર.

૫ જળ બેડાં પણીઆરી ભરી, રૂમક ઝુમક જાએ,

સરખા સરખી જુગલ જોડી, ચાલે ચાલ ગજરે. ભોર
૬ ગ્વાલ, બાળ, ભેંસ ગઉ સીમમાં ચરાવે,
વાંસળીના સાદ માહે મધુર સુર ભરરે. ભોર.
૭ આળસુ અભાગી જીવ ઉંઘથી નીશરરે,
વલ્લભ હરી રટન કરી, જમ ભયથકી બચરે. ભોર.

ગરબો. ૧૪મો—શીખામણ.

બંસરી બજાઇ આજ રંગસે મોરારી. એ ઢાળ.

સાખ રાખ ઠામઠામ શીખ લેની સારી,
ચોર ઠગ લુચ્ચાઓની સોબત નકારી. સાખ.
૧ ચોર ઠગ લુચ્ચાઓને આબરૂ ન વ્હાલી,
કુડાં કામ સેહેજ કરે કુડે પંથ ચાલી. સાખ.
૨ ચોર, ઠગ, લુચ્ચાઓ, જુગારી લાગ ફાવે,
પરધન ચોરી લાવી સેહેજમાં ઉડાવે. સાખ.
૩ ચોર, ઠગ, લુચ્ચાઓની, ધીર નહીં રાખો,
ભૂલ થાપ, કપટ કરી માલ ખાય આખો. સાખ.
૪ ઠગ, ચોર, લુચ્ચાઓને ધીરી ધન દેસે,
આપ્યું પાછું આવે નહીં હાથ ઘસી બેસે. સાખ.
૫ ચોર, ઠગ, લુચ્ચાઓથી સાહુકાર ત્રાસે,
ઢોંગ, દંભ, દગાબાજી જોઈ સાહુ નાસે. સાખ.
૬ ઠગ ચોર લુચ્ચાને પોસાકદાર ભાળો,
સાચો રોજગાર નહીં રોબ રાખે ઠાલો. સાખ.
૭ હાકેમ હરામીઓને રોજ દંડ દેછે,
ચોર ઠગ લુચ્ચા લોક કેદમાં પડે છે. સાખ.
૮ એવા ઉજળા ઠગોથી રોજ રોજ બીહીજે,
આપણી પેદાસ જોઈ ખર્ચ તેવો કીજે. સાખ.

૯ જો તું શાણો હોય મિત્ર પરધન નવ તાકે,
નીતીને વલ્લભ કરી શાખ રૂડી રાખે. સાખ.

ગરબો ૧૫મો નીતી વીશે.

રાગ મલ્હાડ.

૭૬ મારૂરો ઢોલો હાલો વહેલો આલો મહારાજ એ ઢાળ.

શાણી સૈયર મારી મન વીચારી નીતીને સમાલ, નીતીને
સમાલ, વહાલી તેથી થશે સુભ ચાલ. શાણી.

૧ વિદ્યા ભણેથી માન વધેને સાર અસાર જણાય,
તેથી નીતી સાંપડે સખી તેથી ॥
સજ્જનમાં વખણાય. શાણી.

૨ દ્રૈપદી સીતા આદી સતીઓ નીતીવાન ગણાય,
તેની રેહેણીથી ચાલીએ તો, તેની ॥
માતપીતા વખણાય, શાણી.

૩ દુઃખ પડે તોએ ધીર ધરી શાણી શીયળને સંભાળ,
સત્યતાને નહીં છોડવી સખી સત્યતાઃ તેથી ॥
ટળે દુઃખ ઝાળ, શાણી.

૪ સગાં સનેહી સાસરીયાંમાં પ્રીતી ઘણી પસરાવ;
વલ્લભ સહીઅર લાગશે જો તું વલ્લભ ॥
ખરો બતાવીશ ભાવ. શાણી.

ગરબો ૧૬ અભણના પસ્તાવા વીશે.

રૂદન કરે રાણી રાધીકા એ ઢાળ.

ધીક જીવ્યું સંસારમાંરે ન ભણ્યો અજ્ઞાન,
મૂર્ખ રહી પસ્તાવું છું જોઇ વિદ્યાના માન. ધીક.

૧ બાળપણું ખોયું ખેલમાંરે મૂર્ખ મિત્રોની સાથ,
નીત નવી રમતો કરી લઈ રમકડાં હાથ. ધીક.
૨ ભણવામાં મન ધર્યું નહીરે રહ્યો ઠોઠ ન ઠોઠ,
મસ્તી તોફાનમાં મુકીયો ભણવાનો અંકોર. ધીક.
૩ મા બાપે લાડ કર્યા ઘણારે ન દીધી કાંઇ શીખ,
આખર પસ્તાવો આવીઓ માંગવી પડી ભીખ. ધીક.
૪ ધંધોધારી હવે શું કરૂં રે ન સુજે લેખાં માંહે,
મજુરી અંગે નીભે નહીં સાથી પેટ ભરાય. ધીક.
૫ મિત્ર મ્હારો થયો સાહેબોરે ભણ્યો ભાવથી તે,
મારે નસીબે અટણુ રહ્યું કેમ નીભે આ દેહ. ધીક.
૬ મિત્ર ઘોડે ચડી સાંચરેરે હું પાળે પગે જાઉં,
મિત્રતણું સુખ જોઇને ઘણો મન રીબાઉં. ધીક.
૭ મિત્રને લોક નમે ઘણારે મારી સામું ન જોય,
સોભા જોઇ મારા મિત્રની મારૂં મનડું રોય. ધીક.
૮ જાળી અટારીને માળીયાંરે મારા મિત્રનો વાસ,
મારે ભાંગી ટુટી ઝુંપડી રહી થાઉં નીરાશ. ધીક.
૯ ભણેલનું સુખ જોઈનેરે ભણો સર્વકો જન,
અભણમાં દુઃખ અતીઘણું ધરો ભણવામાં મન. ધીક.
૧૦ વીદ્યાને વલ્લભ કરોરે મૂકો બાલુડા ખેલ,
જેથી મળે સુખ નીતનવું મળે માનનો મેળ. ધીક.

ગરબો ૧૭મો કેફી કંથની સ્ત્રીનો હેવાલ.

માતુ પાવાની પટરાણી કે કાળી કાળકારે લોલ. એ ઢાળ.

૧ કેફી કંથતણી ઘર નાર રડે દુખડું ઘણુંરે લોલ,
મારા માઠા છે બહુ હાલ સહીઅર હું શું કરૂંરે લોલ
૧ સજની સાંભળ મારી વાત કરમના જોગનીરે લોલ,

કેફી કેથ મળ્યો કંગાળ કાયા એ રોગનીરે લોલ.
૨ ભંગી ભાંગ પીએ દોઢશેર જુકે ધરમાં રહીરે લોલ,
ધરમાં ખાવા નહીં અનાજ રખે દમડી નહીરે લોલ.
૩ ગાંજા સારૂ ઘેરે ઘેર અફળાય હુંકારા બહુ ખમેરે લોલ,
સખી મારા પીયુને નહીં લાજ મફત માગી જમેરે લોલ
૪ અફીણી આળસનો ભંડાર અફીણમાં સૌ ગયુંરે લોલ
વેચ્યાં માલ ઘરેણાં વસ્ત્ર પાસે કાંઈ ના રહ્યુંરે લોલ.
૫ મદીરા તાડીનો પીનાર રઝળતો દેખવોરે લોલ
કેફી પાક માઝમનો ખાય દુબળા સૌ પેખવોરે લોલ.
૬ સખી હું તો પડી નઠારા હાથ મહીએરીયાં આંધળાંરે લોલ,
મારા માબાપે નાંખી કૂપ પરણાવ્યાં નાંધડાંરે લોલ.
૭ મારૂં દુઃખ જોઈ સઉ લોક આંધળીઆં ના કરોરે લોલ,
બાળક વર કન્યા પરણાવવાના ધારા વીસરોરે લોલ.
૮ ચીભડું ખાવાની હોય ચીજ તે વાઢી ચાખીએરે લોલ,
નાધડીઆ વરના લક્ષણ બત્રીસ કેમ દાખીએરે લોલ.
૯ વલ્લભ બાળા બાળે વેસ ભણાવો પ્રેમથીરે લોલ,
સુલક્ષણ વરને પરણાવો લગ્નના નેમથીરે લોલ.

ગરબો ૧૮મો મુર્ખ નારી વિષે.

અભાગ્યના પસ્તાવાના ઢાળથી ગાવાનો.

મુર્ખ નારી ઝગડા કરેરે સાસરે નીરધાર બોલ
કોઈના સાંખે નહીં કરતી ઘણી રાડ ॥ મુર્ખનારી ઝગડા કરે ॥
૧ તોર ઘણો મન રાખતીરે કોની આને ન સીખ સહેજ
વાતે જઈ આથડે ન ધરે કાંઈ બીક ॥ મુર્ખ ॥

૨ આપ ખુબીને વખાણતીરે રાખી મન ગુમાન લજ્જા
રહીત તે માનુની રૂડી રાખે ન શાન ॥મુર્ખા॥
૩ સ્વારથે મુખ મીઠી ઘણીરે મન માંહે કપટ કામ
પોતાનું થયા પછી ઝઘડો કરે ઝટ ॥મુર્ખા॥
૪ સાસરીએ શાણી નહીંરે લડે સાસુની સાથ નણદરને
ઘણી બાળતી કરે ઝગડાની વાત ॥મુર્ખા॥
૫ કોઈ દહાડો શીર દુખતુંરે કોઇ દીવસે તાવ ઢોંગ
એવા ઘણા હાખવે કાઢે ધંધાનો દાવ ॥મુર્ખા॥
૬ સાસરીઆંને બાંટતીરે કરે કુડા કુસંગ કંથની
સાથે બને નહીં એવો મુર્ખીનો રંગ ॥મુર્ખા॥
૭ સસરો તેથી ડરે નહિંરે ઘરમાં ડકલાંખુ કંથને
વલ્લભ છે નહિં એવી નારીની વાણ ॥મુર્ખા॥

ગરબો ૧૯મો હિન્દુસ્તાન. વિષે.

આંનીઢાંરે પાલવ મેલોની પાતળારે, મારો જાય છે સૈયરનો સાથ,
નહિ મારે મથુરાંમાં વેચવુંરે. એ રાગે.

એશીયામાં હિન્દુસ્તાન દેશ હું વર્ણવુંરે
જેની ભૂમી ભલી છે રસાળ અન્ન ખાનાદી પાકે ઘણુંરે
એશીયા.

૧ એની ઉત્તરે હિમાલય પહાડ ખરોરે
ત્યાં પાણી ઠરી હિમ થાય બરફ નામ તેનું ખરોરે
એશીયા.

૨ દક્ષિણમાં લંકા બેટ સોહામણોરે
બીજો હિન્દી મહાસાગર પાણીની છોળો ગાજે ઘણોરે
એશીયા.

૩ બંગાળી અખાત ઉગમણે જાણવોરે
બંગાળા જોડે બ્રહ્મદેશ પૂર્વદિશામાંહે માનવોરે
એશીયા.

૪ પશ્ચિમે આરબી સમુદ્રમાં શી મણારે
અફઘાન બલુચીસ્તાન કાબુલી લોક વસે ઘણારે
એશીયા.

૫ ત્રણ ભાગોમાં આખો એ દેશ જણાય છેરે
ઉત્તર દક્ષિણને મધ્ય હિન્દુસ્તાન ગણાય છેરે
એશીયા.

૬ હિમાલય શીવાલીક પહાડ મધ્યે બણારે
એતો ઉત્તર હિન્દુસ્તાન એમાંના પ્રાંતો સર્વે ગણારે
એશીયા.

૭ કાશ્મીર નેપાળ ભૂતાન આદી ઘણારે
ઉત્તર હિન્દુસ્તાનનાં પ્રાંત વસેલ તેમાં નહિ મણારે
એશીયા.

૮ ઉત્તરે શીવાલીક દક્ષિણે નર્મદા રે
એની મધ્યે વસેલા પ્રાંત મધ્ય હિન્દુસ્તાન એ સદારે
એશીયા.

૯ અલ્લાહબાદ અયોધ્યા બહાર બંગાલ છેરે
માળવા ગુજરાતને સિંધ કચ્છની ભૂમી રેતાળ છેરે
એશીયા.

૧૦ મારવાડ અને રજપુતોનો દેશ છેરે
આગરા દીલ્લી મુલતાન પંજાબે સિંધુ પ્રવેશ છેરે
એશીયા.

૧૧ દક્ષિણ હિંદુસ્તાન રેવાની દક્ષિણેરે
સાતપુડા સિંહાદ્રી પહાડ એ માંહે પ્રાંત આઠ બણેરે
એશીયા.

૧૨ મહારાજ નીજામનું રાજ્યને ઓઢીઆરે
તૈલંગણને મૈસુર પ્રાંતો અનુક્રમે જોડીઆરે
એશીઆ.

૧૩ મલબારને ત્રાવણકોર કર્ણાટકરે
દ્રાવીડ દક્ષિણ હિન્દુસ્તાન પુર્વને પશ્ચિમે ઉદકરે
એશીઆ.

૧૪ સીવાલીક હિમાલય સાતપુડો ખરોરે
અરવલ્લી સિંહાન્દ્રી પહાડ નીલગીરી તો શોભે ભલોરે
એશીયા.

૧૫ ગોદાવરી ગંગાને સિંધુ મહા નદીરે
બ્રહ્મપુત્રા મહિ કૃષ્ણા પેનાર કાવેરી ગાજતીરે
એશીયા.

૧૬ રેવા કીમ મીંઢોળા તાપી આદી ઘણીરે
નદી નાળા તણો નહિ પાર સહેજમાં જાયે નહિ ગણીરે
એશીયા.

૧૭ ત્રીકોણને મળતો દેશ દેખાય છેરે
હિંદુસ્તાનમાં વેપાર રૂને અફીણનો થાય છેરે
એશીયા.

૧૮ રાજા એડવર્ડ સાતમો એ રાજ્યનો ધણીરે
પ્રજા એને અતિ વલ્લભ હિંદુસ્તાનની છે ઘણીરે
એશીયા.

ગરબો ૨૦મો—રાગ કાફી—સભા વિશે—હોળી.

એસી હોરી ખેલાઇ, શામ મોપે ચોરી ચલાઇ. એ ઢાળ.

આજ આનંદનો દહાડો સખી નીશાળમાં ભાળો. આજ
૧ સારા બીછાના નિશાળમાં શોભે ખુરશી કોચની હારો.
મધ્યે મેજ મજેનો બીરાજે ઇનામ ઓઢવ્યો સારો

સખી બહુ લાગે છે પ્યારો. આજ૦ સખી૦

૨ સાહેબ લોક સભામાં બીરાજે શેઠ સાહુકાર ભાયો
ઓહોદેદારો પોતાને સુસહ્યા ઠાઠ મચ્યો અતિ ન્યારો
સભા રંગ શોભે સારો આજ૦ સખી૦

૩ મધ્ય સભામાં સભાપતી શોભે ગંભીર ગુણ દયાળુ
મન ઉમંગ ખુશીમાં બીરાજે દીસે છે આપ માયાળુ
રૂડી છબી શોભતી ભાળું આજ૦ સખી૦

૪ વસ્ત્ર આભૂષણ અંગે ધરીને નાની મોટી સઉ છોડી
હારોહાર બેઠી અતી શોભે કોઈ શામળી કોઈ ગોરી
કોઈ ઘઉં વરણું કીશોરી આજ૦ સખી૦

૫ શાળા હેવાલ સેક્રેટરી પોતે વર્ષ આખાનો વાંચે
આ શાળાની સલામતી સારૂ યત્ન કરે મન સાચે
સ્થીતી સારી જોઈને રાચે આજ૦ સખી૦

૬ રાયચંદ દીપચંદ શેઠજી મુંબાઈ શહેરમાં રહેછે
આ શાળા બંધાવી તેણે છોડીને વલ્લભ એ છે
બાળા સહુ આશીશ દે છે આજ૦ સખી૦

ગરબો ૨૧મો—રાગ ગોડી.

છબી રસ છાય રહ્યોરે એ ઢાળ.

શીખામણ માન સખીરી, સાસર વેઠમાંસાણપણાએ
નમિ નમિ પ્રીત કરીએ સીખા૦
છળ ભેદથી અળગ રહી મધુરા વેણ ઉચરીએ
એવી રેણીએ સુઘરીએ સીખા૦

૨૨મો—રાગ બીહાગની સરગમ.

ગગમપમગરીસાનીસા બગમપમગરીસાનીસા

સારીગમપ મગસગગમપં
નિનિનિનિધનિનિનિનિસા (૨) નિનિનિનિસા
નિનિનિનિસા પપપનિધપમમગરીસાસારીગમપમમ
ગગમપમગરીસાનીસા.

૨૩—રાગ બહાર.

કાયલડીઆ બોલી કુક કુક—એ ઢાળ.

સાણી ચતુરંગ ચીતમાં જમાવજો સાણી૦
સુનીતિ સવિદ્યા સુશીલ સગુણ સાણી૦
૧ સુનીતી રંગથી સુખ બહુ પામે
દુનીઆમાં વખણાયરી સાણી દુની૦
તું સારા લોકોમાં રૂડું માન પામે સાણી૦
૨ સદ્વિદ્યા સમજણુથી ધારે
મંન પ્રકાશીત થાયરી સાણી મન૦
તું સાર અસાર વિવેક વિચારે સાણી૦
૩ સુશીલપણું નિજ કુળ વખણાવે
સત્યવચન બહુ ભાવેરી સાણી સત્ય૦
પ્યારા માતપીતાને તેથી જશ આવે સાણી૦
૪ સગુણ થઈ શુભ મતિ દરસાવે
તેથી સમજણ આવેરી સાણી તેથી૦
તું સગા સનેહિમાં વહાલ કહાવે સાણી૦
૫ સુનીતિ, સવિદ્યા, સુશીલ, સગુણ સાણી૦

૨૪—રાગ ખમાચી દાદરો.

સૈયર મારી, મંન વિચારી, નિતિ સારી ધારોરે

૧ નિતિ સારી ધારો તેથી સુધરશે જનમારો સખી
માન આદરથી સુખ મળે, વળી ટળશે દુખનો
ભારોરે. સૈયર૦ મંન૦ નિતિ૦
૨ જે સખી સુભ રીતિ ધારે તેને સુખનો આરોરે,
સગાં સહોદર જસ ભણે, અને ગુણ મળે ભઉ
સારોરે. સૈયર૦ મંન૦ નિતિ૦
૩ સુભ રીતી સારા ગુણથી આવે, ગુણ વિદ્યામાં સારોરે
બાળપણે નહિ વિદ્યા ભણ્યું તેનો વૃથા ગયો
જનમારોરે. સૈયર૦ મંન૦ નિતિ૦
૪ માટે વિદ્યા વલ્લભ કરી દુશ્મતિને ટાળોરે,
અભણ રહેલી બાળકીઓને ભણાવીને સુધારોરે.
સૈયર૦ મંન૦ નિતિ૦

ગરબો ૨૫ મો—નાટકના ઢાળે.

ચાલો ચાલો સખી ચાલો જઈએ નિશાળમાં. ચાલો ચાલો૦
નિશાળમાં નિશાળમાં ભણો ખુશાલમાં. ચાલો ચાલો૦
૧ નિશાળમાં જઈ જે સખી ભણશે, અતી સુખ લણસે
આ ભવમાં. ચાલો ચાલો૦ આ ભવમાં આ ભવમાં
અતિ સુખ લણસે આ ભવમાં. ચાલો ચાલો૦
૨ ભણ્યા વિના સુધ બુધ નહિ આમે, તેથી દુઃખ પામે
સંસારમાં. ચાલો ચાલો૦ સંસારમાં સંસારમાં
તેથી દુઃખ પામે સંસારમાં. ચાલો ચાલો૦
૩ વિદ્યા ભણતાં સુભ મતિ આવે, જશ ઉપજાવે રૂડા
જનમાં. ચાલો ચાલો૦ રૂડા જનમાં રૂડા જનમાં
જશ ઉપજાવે રૂડા જનમાં. ચાલો ચાલો૦
૪ વલ્લભ વિદ્યા મન ચીત ધરશે, સારો જસ મળશે
વેવારમાં. ચાલો ચાલો૦ વેવારમાં વેવારમાં સારો
જસ મળશે વેવારમાં. ચાલો ચાલો૦

ગરબો ૨૬મો નાટકના ઢાળે—ઇશ્વર સ્તુતિ.

૧ પરિબ્રહ્મ પરિબ્રહ્મ પરિબ્રહ્મ પુરણ પ્રકાશે આવર દુજે
નહિં ભાસે, જેની શકિતથી રવી ઝળકે ચંદ્ર
ઉડંગણ ચળકે અહો આકાશો વાસે. અવર૦
૨ પૃથ્વીપર પૃથ્વીપર પૃથ્વીપર રચના ભારી, જોઈ ગણુ
બ્રહ્મ બલીહારી રચ્યા ગીરી જળ જીવ જંત ભારી
વનસ્પતિ ભાર અરાઢી પશુ પક્ષિ માનવ સ્વાસે.
અવર૦
૩ કોઈ ભજે કોઈ ભજે કોઈ ભજે બ્રહ્મ ભણીને, કોઈ
અલ્લા નામ ગણીને અલ્લા ખુદા ભણે છે ગોડ
ખ્રીસ્તીઓ ગણે છે એ સઘળા બ્રહ્મ ઉપાસે. અવર૦
૪ એક ચીત્તે એક ચીત્તે એક ચીત્તે ઇશ્વર ગાઇ, ટાળો
પાતક દુઃખદાઈ જે ઇશ્વર વલ્લભ કરશે તે દુઃખ
સીંધુથી તરશે કરૂણા મન માંહિ વાસે. અવર૦

---

૨૭ ઇશ્વર ભજવા વિષે.

સરસત સામને વિનવું ખાલમજી—એ ઢાળ.

૧ સાણી સૈયર કુડું પાપ ચીત તજીને બ્રહ્મને ભજો
ભલી ભાતરે, મનુષ્ય દેહ મોઘો છે સજની ભજન
કરો નિતિ સાથરે મન દઈ દીવસને રજની.

સાખી

જેની શક્તિથી થયાં ભુમી જળ ગીરી આકાશ
ચંદ્ર સુરજ રટણ કરે પ્રકાશ આપે ભલી ભાત રે.
મનુષ્ય૦ બ્રહ્મને ભજો ભલી૦ ભજન કરો૦

૨ **સાખી**

પશુ પક્ષિ જીવ જંતને વનસ્પતિ ભાર અરાઢ

એમકે ઈશ શક્તિ થકિ નહિ માનો નિરધાર રે.

મનુષ્ય૦ પ્રાણને૦ ભજન૦

૩ સાખી

ઇશ્વર શક્તિ જગતમાં અવર બીજું નહિં માન.

મેરૂને તરણું કરે તરણાને મેરૂ સમાન રે.

મનુષ્ય૦ પ્રાણને૦ ભજન૦

૪ સાખી

તારૂં મારૂં એ જુઠ છે ઈશ્વર સત્ય પ્રમાણ

નાટકરૂપે દુનિયા તું તો ભેદ બીજો નહિં જાણ રે

મનુષ્ય૦ પ્રાણને૦ ભજન૦

૫ સાખી

વિશ્વપતિ આરાધતાં થાસે અતિ કલ્યાણ

તરસે ભવસાગર થકી ધર્મશાસ્ત્રની એવી વાણ રે.

મનુષ્ય૦ પ્રાણને૦ ભજન૦

૬ સાખી

છળ ભેદને અળગો કરી સત્ય મતિ દરસાવ

વલ્લભ ઈશ્વર પ્રાણથી સજી ભજી ગુણ ગાઓ રે.

મનુષ્ય૦ પ્રાણને૦ ભજન૦

---

૨૮ માદ.

મારી જીરણી કેસર બો—એ ઢાળ.

પ્રાણી ભજી લે કીરતાર અંતે દેહ જસે કોઈવાર

પ્રાણી ભજી લે કીરતાર.

૧ ખોટી કાયા ખોટી માયા સાચો ઈશ્વર જાણ, એને ભજે ભવ પાર ઉતરે. એને૦ શાસ્ત્રમાં એવું એધાણ.

પ્રાણી ભજી લે૦ અંતે દે૦ પ્રાણી૦

૩ ભેદ પ્રપંચને તજી દઈને ઈશ્વરને, સંભાર અંતસમે
 જે દોહલો રે. અંત૦ જીવ જતાં થશે બેહાલ.
 પ્રાણી૦ અંતે૦

૪ મુરખ મનમાં ચીંતવે રે હું રણુ સઉ ખાય. પણ
 સુકા કાષ્ટનો જીવડો જોતાં તેને પાણી કોણ પાય.
 પ્રાણી૦ અંતે૦

૫ પશુ પક્ષિ જીવ જંત આદી આ જગમાંહે અનંત,
 સર્વનો પાળક ઈશ છે રે. સર્વ૦ પરીબ્રહ્મ પુરણ નિયંત
 પ્રાણી૦ અંતે૦

૬ સાચે મને સુધ્ધ ભાવથી જો તું ભજી લેશે કીરતાર
 વહાલા થાસે ઈશને રે. વહાલા૦ ભવ સિંધુ તરી જસે
 પાર. પ્રાણી૦ અંતે૦

---

૨૯ ગાયન છાયા નાટક.

શાણી બેન નિશાળે ચાલો ભણવા. સુધ બુધ લણવા.
 શાણી બેન૦

૧ સારી સુમતી થસે દુરમતિ દુર જસે વિદ્યા ભણે જ્ઞાન
 વસે સાચી કહું વાત, ભુંડા દુરગુણ ટળે રૂડા સદ
 ગુણ મળે બુધ્ધિ સારી મન ભળે વખણાશે વાત
 શાણી૦ સુધ૦

---

૩૦ ઠુમરી.

જુઓ જુઓ સુરજ પાણી ચુસી નાસે રે—એ ઢાળ.

જુઓ જુઓ નિતિશાળા આજે રૂડી બની રે. જુઓ૦
 રંગ રોગાને સોભતી. જુઓ જુઓ નિ૦

૧ જૈન મારગના રૂડા શેઠીઆ લલ્લુભાઈ તણીછે મમતા ઘણી રે. લલ્લુ૦ રંગરેગાને૦ જુઓ જુઓની૦
૨ રાયચંદ શેઠે શાળા બંધાવી અતી ઉમંગથી ઘણા એક જર ગણી રે. અતી ઉમંગ૦ રંગ રેગાને૦ જુઓ જુઓની૦
૩ શેઠ પ્રેમચંદનો પ્યાર ગણો છે એવો પ્યાર ફકીર શેઠ રાખો ભણી રે. એવો પ્યાર૦ રંગ રેગાને૦ જુઓ જુઓની૦
૪ વલ્લભ બાળા આશીશ દે છે સઉ શેઠીઆઓ જીવો ઘણા કાળ ભણી રે. સઉ૦ રંગ રેગાને૦ જુઓ જુઓની૦

---

૩૧ કલ્યાણની દેશી.

જુઓ સોહામણો દીન આજનો ઘણો, રૂડો દીસે મેળાવડો સભાસદો તણો.

૧ ધર્મપુરના રાજબંધુ છે બળદેવજી મહારાજ, સભાપતિ થઈ આપ બીરાજ્યા વિદ્યા વૃદ્ધિ કાજ. જુઓ૦ રૂડો૦
૨ અમલદાર વિદ્વાન શેઠીઆ શોભે છે શાણા આભુષણમાં જેવા દીપે મોતીના દાણા. જુઓ૦ રૂડો૦
૩ બાળાઓ ખુશ કરવા સારૂ બક્ષીસો સ્થાપી, વરજદાસ લાલભાઈ રૂડાએ શુભ મતિ આપી. જુઓ૦ રૂડો૦
૪ ભણનારી સર્વે છોડીઓ આશીશ મુખ ભાખે, દસિ દયાળુ આ મંડળીને ચીરંજીવી રાખે. જુઓ૦ રૂડો૦

---

૩૨ રાગ આશાવરી.

૧ સખી જે રાખે નીતિની રેણી ઘણી ઈજ્જત વધશે તેની.

જે કો અનિતિ મારગ જાએ પછી પાછળથી પસ્તાય.

સાખી

મારગ ધરવો નીતિનો રૂડાં કરવાં કાજ,
સંપી રહેવું કુટુંબમાં તેથી વધશે લાજ.

૨ સાણી અસત્ય મુખ ન ભાખો રૂડી સાખ જગતમાં
રાખો, જે કો જુઠું બોલી સમજાવે તેનો કોને
ભરોસો ન આવે.

સાખી

જુઠું બોલે જગતમાં ઘટે અતિસે લાજ,
કોઇ ભરોસો નહિ ગણે બગડે સઘળાં કાજ.

૩ માટે રાખો સાચાપર પ્રીતી, સંસારમાં રૂડી એ
રીતી, સાણી રૂડે મારગ ચાલો તેથી ઘણાં સુખોમાં
માલો.

સાખી

સુખમાં માલો સંપથી સગાં સનેહી સંગ
ખુશી ખુશાલી દાખવો સુભ નીતીનો રંગ

૪ જેકો નિતિને વલ્લભ કરશે તેતો આ ભવસાગર તરશે
નિતિ ઈશ્વરને ઘણી વ્હાલી માટે ચિતમાં રાખો સમાલી

સાખી

નિતિ સમાલી ચાલવું સાચી વદવી વાણ
ગુરૂની શીક્ષા માનવી તેથી થશે કલ્યાણ.

---

૩૩ નાટકના દાળો.

લઈ પરીક્ષા આપ હમારી આપોછો ઈનામ ભલે
પધાર્યા આપ સભાસદ મળ્યા સર્વને માન

૧ માહારાણાશ્રી પ્રતાપસીંહજી મમતા રાખી સાર
વિદ્યાપર પ્રસન્નતાથી પા મળ્યા આજ આભાર

૨ ગુરૂ કૃપાથી સર્વ છોકરીઓ મેળવીએ શુભ જ્ઞાન. બહુ૦
સીખીએ બાળાઓ સહુ સદ્ગુણતા પામીએ બહુ
શેઠ રાયચંદે કુળ સોભાવ્યું કર્યું આ ઉત્તમ કામ
તેથી અમો સર્વે બાળા અધીક પામી આરામ.
પ્રેમચંદ શેઠે ટેક વધારી રાખ્યું પીતાનું નામ. બહુ૦

૩૪ ગાયન છાયા નાટકની સરગમ.

સાનીપરીમમપગમરીસા પમગરીસા. સાનીપ૦
સાસાસારીરીરી ગગગમમમમ પપપધધધધ ની
નીનીસાસાનિધનિસાસાપમગરીસા. સાનીપ૦

ગરબો ૩૫મો.

કાયા કેસી રોજ નિકસ ગયે પ્રાણ.

કાયા કાચી જાણો કરો ના ગુમાન અંતે નકકી માનો
મરણ નિદાન.

૧ જુઠી કાયા જુઠી માયા જુઠો જગત પસારો, અંત
સમે કાંઈ કામ ન આવે આખર મોતનો આરો.
કરો૦ કાયા૦ અંતે૦

૨ બેન ભાઈ ને કુટુંબ કબીલો એ સહુ જીવ લગ સાથી
અંતે છાંડી જવું એકલા કાયાની થઈ જસે માટી.
કાયા૦ કરો૦ અંતે૦

૩ મરણ થયાથી અળગી નાસે સગાં સહોદર ટોળી,
સણ બાંધીને જસે મસાણે મુકી દેસે જેમ હોળી.

૪ એ હાલ જોઈ ઈશ્વર વલ્લભ કરવો મનની માંહી,
ભજી રટી ભવસાગર તરવો એમાં સંશય કાંઈ નહી.
કરો૦ કાયા૦ કરો૦ અંતે૦
